# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-01-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં અવકાશ ક્ષેત્રમાં દેશની તાજેતરની સિદ્ધિઓની પ્રશંસા કરી
2. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ અમદાવાદમાં સિપેટ ખાતે સંસ્થાનાં વિવિધ સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું
3. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કાલુપુર અને સાળંગપુર રેલવે ઓવરબ્રિજને ચાર માર્ગીય કરવા સહિતના કામો માટે 220 કરોડ રૂપિયા ફાળવ્યા
4. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે ઉત્તમ સ્વાસ્થ્ય ધરાવનાર લોકો ધર્મ, કર્મ અને નાવીન્ય દ્વારા સમાજનું કલ્યાણ કરી શકે.
5. પવનની દિશા બદલાતા રાજ્યનું લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધ્યું: નલિયામાં 10.5 ડિગ્રી સેલ્સિયસ

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM – MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અવકાશ ક્ષેત્રમાં દેશની તાજેતરની સિદ્ધિઓની પ્રશંસા કરી હતી. દેશના પ્રથમ ખાનગી ઉપગ્રહ નક્ષત્ર 'ફાયરફ્લાય' ના સફળતાપૂર્વક પ્રક્ષેપણ માટે બેંગલુરુ સ્થિત ભારતીય અવકાશ-ટેક સ્ટાર્ટ-અપ 'પિક્સલ'ની પ્રશંસા કરતા, પ્રધાનમંત્રીએ તેને આત્મનિર્ભરતા તરફ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમની 118મી કડીમાં રાષ્ટ્રને સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ ઉપગ્રહોના અવકાશમાં ડોકિંગ ક્ષેત્રે ભારતે મેળવેલી સિદ્ધિની પણ પ્રશંસા કરી હતી.

(બાઈટ પીએમ - PM-SPACE-DOCKING.mp3)

પ્રધાનમંત્રીએ 75મા પ્રજાસત્તાક દિવસની અગાઉથી શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે આ વર્ષે બંધારણ અમલમાં આવ્યાના 75 વર્ષ પૂર્ણ થવાથી આ પ્રજાસત્તાક દિવસની ઉજવણી ખાસ બની રહેશે. શ્રી મોદીએ બંધારણ ઘડવામાં યોગદાન આપનારા બંધારણ સભાના સભ્યોને યાદ કર્યા હતા.

પ્રધાનમંત્રીએ 25 જાન્યુઆરીએ ઉજવાતા રાષ્ટ્રીય મતદાતા દિવસના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો. ચૂંટણી પંચની ભૂમિકા અને યોગદાનની પ્રશંસા કરતા શ્રી મોદીએ કહ્યું કે..

(બાઈટ પીએમ - ECI-THANKS.mp3)

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ પર પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ સમાનતા અને સંવાદિતાનો અસાધારણ સંગમ છે.

તેમણે કહ્યું કે કુંભનું આયોજન પ્રયાગરાજ, ઉજ્જૈન, નાસિક અને હરિદ્વારમાં થાય છે તેવી જ રીતે ગોદાવરી, કૃષ્ણા, નર્મદા અને કાવેરી નદીઓના કિનારે પુષ્કરમનું આયોજન થાય છે.

મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચેની મિત્રતા પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ કહ્યું કે, ભારતીય સંસ્કૃતિ અને વારસો આપણને આસપાસના પ્રાણીઓ અને પક્ષીઓ સાથે પ્રેમથી જીવવાનું શીખવે છે.

સ્વામી વિવેકાનંદના શબ્દોને ટાંકીને કે તેમણે કહ્યું હતું કે ફક્ત તે વ્યક્તિ જે પોતાના વિચાર પ્રત્યે ઉત્સાહી હોય છે તે જ પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે.

નેતાજી સુભાષચંદ્ર બોઝને એક સ્વપ્નદ્રષ્ટા નેતા ગણાવતા શ્રી મોદીએ દેશના યુવાનોને નેતાજી વિશે શક્ય તેટલું વધુ વાંચવા અને તેમના જીવનમાંથી પ્રેરણા મેળવવા અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# J P Nadda Cipet

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ આજે અમદાવાદમાં સિપેટ- ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોકેમિકલ્સ ટેકનોલોજી ખાતે સંસ્થાની વિવિધ સુવિધાઓનું ઉદઘાટન કર્યું હતું. શ્રી નડ્ડાએ સિપેટની કેલિબ્રેશન લેબોરેટરી અને ભાગલપુર ખાતે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ સેન્ટરનું વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું હતું.

આત્મનિર્ભર ભારતમાં સીપેટના યોગદાન અંગે શ્રી નડ્ડાએ આ મુજબ જણાવ્યુઃ

(BYTE - J P NADDA CIPET)

અમદાવાદના અન્ય એક કાર્યક્રમ "સંવિધાન ગૌરવ અભિયાન" માં બોલતા શ્રી નડ્ડાએ જણાવ્યું કે, કોંગ્રેસે 65 વર્ષ સુધી દેશ પર શાસન કર્યું અને તેના નેતાઓએ બંધારણ સાથે ચેડાં કર્યા અને બંધારણની પાયાની જોગવાઈઓને પણ દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

. . . . . . . . . . . . .

# Kalupur Station Redevelopment

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કાલુપુર રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ કામગીરી અંતર્ગત કાલુપુર અને સાળંગપુર રેલવે ઓવરબ્રિજને ફોર-લેન સહિતના કામો માટે રાજ્ય સરકારના 50 ટકા હિસ્સા તરીકે 220 કરોડ રૂપિયા ફાળવવા સૈદ્ધાંતિક મંજુરી આપી છે.

રેલ્વે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા કુલ 440 કરોડ રૂપિયાના ખર્ચે કાલુપુર અને સાળંગપુર ઓવરબ્રિજને ફોર લેન બનાવવાની કામગીરી હાથ ધરાશે.

કાલુપુર રેલ્વે ઓવર બ્રિજનું નિર્માણ 108 વર્ષ પહેલા 1915માં તથા સાળંગપુર  રેલ્વે ઓવરબ્રિજનું નિર્માણ 83 વર્ષ અગાઉ 1940માં થયું હતું.

આ ઉપરાંત, મુખ્યમંત્રીએ રાધનપુર શહેર તથા ભિલોટ માર્ગ પર હયાત રેલવે ક્રોસિંગ પર નવો ઓવરબ્રિજ બનાવવા માટે 52 કરોડ 83 લાખ રૂપિયા ફાળવ્યા છે.

મુખ્યમંત્રીએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રેલવે ઓવરબ્રિજ પહોળા કરવા આ રકમ મંજૂર કરી છે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................

# GANDHINAGAR SAVJI DHOLKIYA

હીરા ઉદ્યોગમાં મંદી અંગે જાણીતા ઉદ્યોગપતિ સવજી ધોળકિયાએ જણાવ્યું કે રાજ્યના તમામ વેપાર-ધંધા હીરા સાથે જોડાયેલા છે. તેમણે ઉમેર્યું કે યુક્રેન-રશિયા યુદ્ધના કારણે સમગ્ર વિશ્વમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ અંગે તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું..

(બાઈટ: સવજી ધોળકિયા, ઉદ્યોગપતિ)

. . . . . . . . . . . . .

# Amreli Hospital

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે, ઉત્તમ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કાર સૌથી જરૂરી અને મહત્વની બાબતો છે. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન  દ્વારા અમરેલીમાં વિવિધ સુવિધા ધરાવતી 100 બેડની ધર્મજીવન હોસ્પિટલનું ઉદઘાટન કરતા રાજ્યપાલે જણાવ્યું કે, ઉત્તમ સ્વાસ્થ્ય ધરાવનાર અને નિરોગી લોકો ધર્મ, કર્મ અને નાવીન્ય દ્વારા સમાજનું કલ્યાણ કરી શકે છે.

કેન્દ્રીય શ્રમ રોજગાર અને રમત ગમત મંત્રી મનસુખ માંડવીયાએ, સમાજ જીવન અને વ્યવસ્થાપનના 'ભારતીય મોડલ' નું વિસ્તૃત વર્ણન કર્યું હતું.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરીયા, સાંસદ પરષોત્તમ રૂપાલા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# WEATHER

પવનની દિશા બદલાતા રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 24થી 36 કલાક દરમિયાન તાપમાનમાં મોટા ફેરફારની શક્યતાઓ નહિવત છે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસ કરતા વધુ નોંધાતા લોકોને ઠંડીથી રાહત મળી છે.

નલિયામાં સૌથી ઓછું 10.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં 17.5, વડોદરામાં 19.2, સુરતમાં 18.8, અને રાજકોટમાં 15.4 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# DWARKA DEMOLITION

દ્વારકા જિલ્લાના બેટ દ્વારકા, દ્વારકા અને ઓખા સહિતના વિસ્તારોમાં 27 દિવસ સુધી ડિમોલિશન હાથ ધરાયું હતું. અમારા પ્રતિનિધિ જણાવે છે કે ગત 23 ડિસેમ્બરથી 18 જાન્યુઆરી દરમિયાન સરકારી જમીન પર કરાયેલા ગેરકાયદે દબાણો દૂર કરાયા હતા. આ ડિમોલિશન અભિયાનને ત્રણ તબક્કામાં પૂર્ણ કરાયું હતું. આ અંગે દ્વારકાના પ્રાંત અધિકારી અમોલ આવટેએ વધુમાં જણાવ્યું હતું કે..

(બાઇટ: અમોલ આવટે, પ્રાંત અધિકારી)

. . . . . . . . . . . . .

# AMBAJI GOLD DONATION

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિર ટ્રસ્ટને 7 લાખ 65 હજાર રૂપિયાની કિંમતના સોનાનું દાન મળ્યું છે. નડિયાદના નિવૃત શિક્ષક અને શિક્ષિકાએ માતાજીને સોનાનો 100 ગ્રામનો હાર અર્પણ કર્યો છે. બંને દાતાઓએ નામ ગુપ્ત રાખી દાન કર્યું છે. ટ્રસ્ટ તરફથી અંબાજી મંદિરના નિરીક્ષક મિતેશ પંડ્યાએ દાન સ્વીકાર્યું હતું.

. . . . . . . . . . . . .

# AHMEDBAD BLACK TICKET

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનાર કોલ્ડ પ્લે કોન્સર્ટની ટિકિટોની કાળાબજારી સામે આવી છે. ચાંદખેડા પોલીસે કોલ્ડ પ્લેના કોન્સર્ટની ટિકિટ કાળા બજારમાં વેચનાર યુવકની ધરપકડ કરી છે. આરોપી 2500 રૂપિયાની ટિકિટ 10 હજારમાં અને 4500 રૂપિયાની ટિકિટ 15 હજાર રૂપિયામાં વેચતો હતો. પોલીસ આરોપી પાસેથી 6 ટિકિટ કબજે કરી છે.

. . . . . . . . . . . . .

# PATAN ANIMAL VACCINATION

પાટણ જિલ્લામાં 568 ગામો અને શહેરી વિસ્તારોના વોર્ડમાં પ્રથમવાર મોબાઈલ એપથી પશુધનની વસ્તી ગણતરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત

જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કુલ 3 લાખ 60 હજાર ઘરોને આવરી લેવામાં આવશે.

આ અંગે નાયબ પશુપાલન નિયામક ડૉક્ટર બી.એમ. સરગરાએ જણાવ્યું કે જિલ્લામાં કુલ 121 વ્યક્તિઓની ટીમ પશુ ગણતરીની ઓનલાઇન કામગીરીમાં જોડાઈ છે. તેમણે ઉમેર્યું કે પાટણ જિલ્લામાં ગાય અને ભેંસ સંવર્ગના પશુઓને ખરવા મોવાસા રસીકરણ કરવાના કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં 97 ટકા કામગીરી થઈ છે.

. . . . . . . . . . . . . .